| सौराष्ट्र युनिवर्सिटी<br>सौराष्ट्र युनिवर्सिटी कार्यालय<br>युनिवर्सिटी रोड<br>राजकोट - ३६०००५ | SAURASHTRA UNIVERSITY<br>Re-Accredited Grade "A" by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય<br>યુનિવર્સીટી રોડ,<br>રાજકોટ - ૩૬૦ ૦૦૫ |
|---|---|---|
| PHONE :- 0281 - 2578501 | EXT. NO. *111 | FAX :- 0281 - 2586411 |

website :- www.saurashtrauniversity.edu E-mail id :- phyedu@sauuni.ac.in


નં.શા.શિ./ટેબલેટ યોજના/૨૭૭/૨૦૧૯ તા.૧૩-૧૧-૨૦૧૯

**વિષય :- ટેબલેટની ફી લેવાની તારીખમાં વધારો કરવા બાબત.**

પરિપત્ર ::-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત શારીરિક શિક્ષણ અનુસ્નાતક ભવનનાં વડાશ્રી, તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવામાં આવે છે કે રાજય સરકારશ્રીએ ચાલુ વર્ષમાં ધોરણ – ૧૨ પાસ કરી કોલેજનાં પ્રથમ વર્ષમાં મેળવનાર તમામ વિદ્યાર્થીઓને રૂ. ૧૦૦૦/- નાં ટોકન દરથી ટેબલેટ આપવાની મહત્વની યોજના અમલમાં મુકેલ છે.

કોલેજનાં પ્રથમ વર્ષમાં એડમિશન લીધેલા વિદ્યાર્થીઓ ભાઈઓ-બહેનો ખુબ બહોળી સંખ્યામાં આ યોજનાનો લાભ લે તે અંગે આપની કોલેજ/ભવન અને સંસ્થા દ્વારા કાર્યવાહી કરવા અપીલ કરવામાં આવે છે. કોલેજો દ્વારા રજુઆત થયેલ છે કે તેમના વિદ્યાર્થીઓની વિગત ડીજીટલ ગુજરાત પોર્ટલ પર રજીસ્ટર કરતા તેઓના આધાર કાર્ડ પોર્ટલ પર મિસ મેંચ થતા હતા હાલ તે ક્વેરી કે.સી.જી દ્વારા સોલ્વ થઈ ગઈ છે તેમજ પૂરક પરીક્ષા જુલાઈ ૨૦૧૯માં પાસ કરી ચાલુ વર્ષે કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું ડીજીટલ ગુજરાતના પોર્ટલમાં રજીસ્ટ્રેશન થાય છે.આ યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન www.digitalgujarat.gov.in માં નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માં કરવાનું રહેશે.

વિદ્યાર્થીઓની યાદી e-mail id :- phyedutab2019@gmail.com પર અવશ્ય મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે. કોલેજે દરેક વિદ્યાર્થીનું પ્રથમ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ટેબલેટ ફી જમા કરાવવાની રહેશે. ફી જમા કરતી વખતે રજીસ્ટ્રેશન તથા તેને લગતી તમામ માહિતી સાથે જોડવાની રહેશે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦નાં વર્ષમાં જેટલા વિદ્યાર્થીઓનાં રજીસ્ટ્રેશન પોર્ટલમાં થયેલ હશે તેટલા વિદ્યાર્થીઓની જ ફી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સ્વીકારવામાં આવશે.

ખાસ નોંધ:- **ટેબ્લેટ ફી સ્વીકારવાની તારીખમાં વધારો કરીને હવે છેલ્લી તારીખ ૨૫-૧૧-૨૦૧૯ રહેશે. જેની ખાસ નોંધ લેશો.**

કુલસચિવ

પ્રતિ,

(૧) સૌ. યુનિ. સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ,

(૨) સૌ. યુનિ. સંલગ્ન માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ,

(૩) અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રી, શારીરિક શિક્ષણ વિભાગ

(૪) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ દ્વારા પ્રસિદ્ધિ અર્થે)

નકલ સાદર રવાના :-

(૧) માન. કુલપતિશ્રી/ માન. ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,

(૨) હિસાબ વિભાગ, (૩) ઓડીટ વિભાગ, (૪) કેશ વિભાગ. (૫) આઈ. કયુ. એ. સી.

Scanned by CamScanner